August 2021

Issue No. 21

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યકિતઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવ...


આ મહિને હું લઈને આવ્યો છું એક સ્કૂલ પ્રોગ્રામના બાળક ગુપ્તા સનીની વાત. 8 વર્ષનો સની પોતાના મમ્મી-પપ્પા અને ભાઈ-બહેનની સાથે નારોલ વિસ્તારના સ્લમમાં રહે છે. બાળક ઓર્થોપેડીક ડીસેબીલીટી ધરાવે છે. સંસ્થાની C.B.R ટીમ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો ત્યારે આ બાળક અને તેના પરિવારની સંસ્થાને જાણકારી મળી હતી. ભણવામાં હોશિયાર, સ્વભાવે શાંત-સુશીલ સનીનું તેના માતા-પિતાને ટેન્શન રહેતું. આ જાણ થતા સંસ્થાની C.B.R ટીમ દ્વારા બાળકનું એડમીશન 'સન ઈંગ્લીશ સ્કૂલ' માં કરાવવામાં આવ્યું. હું અને કેયુરભાઈ જયારે સર્વેની કામગીરી માટે સનીના ઘરે પહેલીવાર ગયા હતા ત્યારથી જ તેના મમ્મી-પપ્પાને આપણી સંસ્થા પર પોતાના બાળક માટે આશા બંધાઈ ગઈ હતી. પ્રભાત સંસ્થાની મદદથી પોતાનો બાળક સ્કૂલે જાય છે તે જાણીને તેના માતા-પિતા ખૂબ ખુશ થયા, સંસ્થાના શિક્ષકોને મળવા સેન્ટર પર આવ્યા હતા.

સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામના શિક્ષક તરીકે હું અને કેયુરભાઈ સનીને 'સન ઈંગ્લીશ સ્કૂલ'માં જઈને ભણાવીએ છીએ. સ્કૂલમાં બાળકને ગણિત, ઈંગ્લિશ, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી જેવા વિષયો ભણાવવામાં આવે છે. આ બધા વિષયો જયારે સામાન્ય બાળકોને જ અઘરા પડતા હોય ત્યારે સ્પેશિયલ બાળકને કઈ રીતે શીખવવું તે મારા માટે ચેલેનજિન્ગ હતું. ધીમે-ધીમે પ્રયત્નોની સાથે હું અને કેયુરભાઈ તેની સાથે શિક્ષણકાર્યમાં જોડાયા. સનીને સરળ ટેકિનક, N.C.E.R.T(National Council of Educational Research and Training) ની વેબસાઈટ પરથી ચિત્ર તથા કન્ટેન્ટ લઇ ભણાવવાનું શરુ કર્યું. સનીને મોબાઈલમાં આવતા ભણતરને લગતા શૈક્ષણિક વિડીયો, સ્ટોરી તે ઉપરાંત પ્રેક્ટીકલ જ્ઞાનની જરૂર હોય ત્યાં પ્રેકટીસ કરાવી ભણતર આપવામાં આવે છે. સનીને ચિત્રમાં રસ હોવાથી તેને ઉત્સાહીત કરી ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવડાવ્યો હતો અને સ્પર્ધામાં તે ઈનામ પણ જીત્યો હતો. તે સમયે તે મને કહે, સર તમે મને પ્રોત્સાહન આપ્યું એટલે હું જીતી શકયો ત્યારે મેં તેને કીધું કે તું તારામાં રહેલી આવડતથી જીત્યો છે. પછી તે ખૂબ ખુશ થયો હતો. સ્કૂલના પ્રિન્સિપાલે પણ તેના વખાણ કરી તેના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કોરોનાકાળમાં સ્કૂલ બંધ થઇ જતા સની ઘરમાં ઉદાસ રહેવા લાગ્યો હતો. તેના બિહેવીયરમાં બદલાવ આવી ગયો હતો. પરંતુ જયારે ઓનલાઇન એજ્યુકેશન શરુ કરાયું ત્યારે તેમાં તે સમયસર કલાસ અટેન્ડ કરતો અને આપવામાં આવેલ હોમવર્ક પણ સમયસર પૂરું કરી અમને ઓનલાઈન દેખાડી દેતો. જેના કારણે તેનો અભ્યાસ અટક્યો નથી.

હાલમાં સનીનો વિકાસ જોઈ સ્કૂલના પ્રિન્સિપાલ ખુશ છે, અને થોડા-થોડા સમયે સનીને પોતાની પાસે બોલાવી તેને પ્રોત્સાહન આપતા રહે છે. પોતાના બાળકની આવી પ્રગતિ જોઈ સનીના માતા-પિતા ખુશી અનુભવે છે. પ્રભાત સંસ્થા, હું અને કેયુરભાઈ પણ તેના વિકાસથી ગર્વ અનુભવીએ છીએ. તે ભવિષ્યમાં પોતાના જીવનમાં આર્થિક રીતે પગભર બને તેવી આશા રાખીએ છીએ!

By: - Hardik Chavda
Special Educator





## પ્રેરણાદાયી વાર્તા

રોશની મેગેઝીનમાં આ વખતે અમે કંઈક અલગ લઈને આવ્યા છીએ. સંસ્થા એવા લોકોનું સન્માન કરવા ઈચ્છે છે કે જેમને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોના જીવનમાં માતાની ભૂમિકા ભજવી તેમની પ્રાથમિક સંભાળ રાખી છે. આવા જ એક સંસ્થાના બાળકના દાદી શરીફાની(અલીના દાદી) વાત લઈને આવ્યા છીએ. જયારે મને ખબર પડી કે હું દાદી બનીશ તે સમયે હું આનંદિત થઇ હતી. નવ મહિના પછી મેં બાળક અલીને જયારે મારા હાથમાં લીધો ત્યારે તો મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો. અલી ત્રણ મહિનાનો થયો અને તેને ખેંચ આવી. આ હુમલાએ તેના ચેતાતંત્ર અને મગજમાં વિપરીત અસર છોડી હતી. લાંબા સમયથી હું દરરોજ ભગવાનને એક જ પ્રાર્થના કરતી કે મારા પૌત્રને સામાન્ય બાળકોની જેમ બનાવી દે. સામાન્ય બાળકોની જેમ દેખાય, તેમની જેમ ચાલતો થાય, તેમની જેમ જ ખાતો થાય, પરંતુ અલી ક્યારેક પોતાનું માથું દીવાલ સાથે પછાડતો, લોકોની ભીડથી ડરી જતો તથા તેને પ્રથામિક શિક્ષણ શીખવામાં પણ ઘણો સમય લાગતો. શરૂઆતથી હું જ તેની સાર-સંભાળ રાખતી હતી. મારા પુત્ર અને પુત્રવધૂએ ક્યારેય વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકની જરૂરિયાતોને સમજી નહતી. તેઓ તેના ગુસ્સા, તેની બિહેવીયર સમસ્યાઓ અને તેના વિકાસના મુદ્દાઓને સમજી શક્યા નહીં. હું મારો આખો દિવસ તેની સાર-સંભાળ રાખવામાં પસાર કરતી. મારા મિત્રો હંમેશા મારા પુત્રવધૂને આવા બાળકને જન્મ આપવા માટે દોષી ઠેરવતા હતા, કેટલાક લોકો એવું પણ કહેતા હતા કે તારે અલીની દવાના પૈસા તારા પુત્ર પાસેથી લેવા જોઈએ. પરંતુ હું ક્યારેય આવી ટિપ્પણીઓથી પરેશાન થઇ નથી. અમારા કુટુંબની પરિસ્થિતિથી સામાન્ય કુટુંબથી અલગ હતી. અને તેમાં પણ જેમ જેમ અલી મોટો થયો અને તેની સાથે તેના વિકાસની સમસ્યાઓ વધતી ગઈ તેમ તેમ અમારા ઘરમાં વાતાવરણ તંગ બનતું ગયું. મારો પુત્ર તેના મોટા પુત્ર સાથે બેસીને તેના આખા દિવસ વિશે વાત કરતો અને અલી પાસેથી પણ તે જ અપેક્ષા રાખતો. મારી પુત્રવધુ પણ તેના મોટા પુત્રની ઘરકામમમાં મદદ માંગતી તે જ રીતે તે અલીની પણ અપેક્ષા રાખતી હતી. પરંતુ તેઓ ખૂબ નિરાશ થઇ જશે જયારે તેમને ખ્યાલ આવશે કે અલી તેના ભાઈની સમાન નથી આ ચિંતા મને સતત રહેતી.

ટૂંક સમયમાં, હું અને મારા પતિ અલી સાથે અલગ રહેવા જતા રહ્યા...

મારી ઉંમરે, કોઈ વ્યક્તિ પોતાના જીવનસાથી અને પોતાની જાત સાથે સમય પસાર કરતી હોય છે. માતા-પિતાને જવાબદારીઓથી છુટકારો મળી જાય એટલે બાળકો પોતાના માતા-પિતાની સાર-સંભાળ રાખતા હોય છે. પરંતુ મારી વાત કરીએ તો, હું ફરીથી માતા બની. અને બાળક, એટલે આર્થિક જવાબદારી.તે જવાબદારી જે મેં તૈયાર કરી નહોતી પણ તેમ છતાં તે સ્વીકારવા તૈયાર છું. તેથી અમે નાની શરૂઆત કરી. મારા પતિએ રિક્ષા ચલાવવાનું શરૂ કર્યું અને અમે અમારી રોજીરોટી કમાવા લાગ્યા. તે અમારા માટે મુશ્કેલ હતું. કેટલાક દિવસો તો માંડ-માંડ એક ભોજન પૂરતું હતું તો કેટલાક દિવસો તો તે પણ નહીં. પરંતુ અમારી પ્રાથમિકતા હંમેશા અલીની જવાબદારી રહી છે. ડોક્ટરે અલીના વિકાસના સુધારા માટે પોષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેથી હવે મારું જીવન ઝડપથી મોટા થઇ રહેલા અલીની સંભાળ રાખવા માટે સુસંગત બનાવી લીધું છે. અમે તેના દાદાની રિક્ષામાં સાથે પ્રભાત સંસ્થામાં જઈએ છીએ. સંસ્થામાં હું અલી સાથે જ રહેતી. ઘણી વખત સંસ્થાના એવા બાળકોની મમ્મી સાથે વાતો કરવા લગતી અને તેમને સલાહ આપતી કે જેઓ સ્પેશિયલ બાળકો છે જે કદાચ ક્યારેય સામાન્ય નહીં બને. હું દરરોજ આશા રાખું છું કે મારો અલી જાતે ચાલી શકે અને ખાઈ શકે. મને લાગે છે કે જીવન આપણને ઘાણું બધું શીખવાડી દે છે. આપણા બધા પાસે પોતાના જીવન માટે એક નોર્મલ વિચાર હોય છે, પરંતુ તે વિચાર કયારેય યોજના પ્રમાણે થતો નથી. અને તે આપણા નિયંત્રણમાં પણ હોતો નથી. ભલે પછી તેને તમે ચેલેન્જ ગણો અથવા તેને દુઃખ ગણી લો.

66 વર્ષની માતાનું જીવન ખરેખર આપણા માટે પ્રેરણાદાયી બન્યું છે!





## જન્મદિવસની શુભેચ્છા

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેચ્છા!



07-Sep, કાશ્મીરાબેન



20-Sep, લક્ષ્મીબેન

**ઓનલાઈન ભણતર:-** ચોમાસાની ઋતુનો જયારે આપણે આનંદ માણતા હોઈએ, ત્યારે શૈક્ષણિક સત્રમાં પણચોમાસુ જોવા મળે છે. ચોમાસાની ઋતુમાં કેવો પોશાક પહેરાવો જોઈએ, ચોમાસાને લગતા આરોગ્યના મુદ્દાઓ, ચોમાસામાં કેવા પ્રકારના ફળો અને શાકભાજી ખાવા જોઈએ આ વિષય પર સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામના બાળકોને ઓનલાઇન ભણતર આપવામાં આવ્યું છે. તેની સાથો-સાથે બાળકોને ભારત દેશની સ્વતંત્રતાની વાત અને ઈતિહાસનું ભણતર અપાયું અને તેને અનુલક્ષીને ચિત્ર-સ્પર્ધા રાખવામાં આવી હતી. આ મહિનામાં એક રસપ્રદ વિષય બાળકોને ભણાવવામાં આવ્યો અને તે હતો બાળકોનું ફેમિલી(વંશ) વૃક્ષ. બાળકોને તે વૃક્ષ વિષે સમજાવી વૃક્ષ દોરાવવામાં આવ્યા.

**ડોર ટુ ડોર સર્વે:-** ઓગસ્ટ મહિનામાં હાથ ધરવામાં આવેલા ડોર ટુ ડોર સર્વેમાં શાહવાડી વિસ્તારમાંથી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 18 બાળકોને ઓળખવામાં સંસ્થાને મદદ મળી છે.

**જૂની પદ્ધતિઓનું પુનરાવર્તન:-** સંસ્થા કોરોના મહામારી પછી મોટા પાયે 'ડહેલું'ના કોન્સેપટનું પુનરાવર્તનકરેછે, કારણે કે પરિસ્થિતિમાં હજી પણ કોઈ સ્થિરતા આવી નથી. 'ડહેલું'નો ઉદ્દેશ બાળકોના જીવનમાં થોડી નિયમિતતા અને સામાન્યતા લાવવાનો છે. શાહવાડી ખાતેના નવા ડહેલુંમાં ફિઝિયોથેરાપી પર ધ્યાન કેન્દ્રિત કરીને તમામ પ્રકારના ઉપચાર સાથે રમત, થેરાપી અને તાલીમ દ્વારા બાળકોને એકેડેમીક શિક્ષણ આપવામાં આવે છે. બાળકોના વિકાસમાં કોરોનાના કારણે જે અવરોધ આવ્યા હતા તેને દૂર કરવા સંસ્થાની ટીમ પ્રયાસ કરી રહી છે.

**રક્ષાબંધનની ઉજવણી:-** સંસ્થાના બાળકો હંમેશાથી તહેવારો ઉજવણીની રાહ જોતા હોય છે, પરંતુ કોરોનાનાકારણે સ્કૂલો બંધ હોવાથી તે શકય બન્યું નહતું. સ્કૂલો ચાલુ થતા સંસ્થાએ બાળકોને ભાઈ-બહેનના સંબંધો શીખવવાના ઉદ્દેશથી રક્ષાબંધન તહેવારની ઉજવણી કરી. સંસ્થામાં તહેવાર ખૂબ જ ઉત્સાહ અને આનંદથી ઉજવાયો.

**એનિમલ થેરાપી:-** સંસ્થા ધીમે-ધીમે તમામ જૂના નેટવર્કને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહીછે,ખાસકરીનેતેઓની સાથે કે જેમને બાળકોને શીખવવાની અને પ્રવૃત્તિ કરાવવાની અનોખી તકો પૂરી પાડી છે. સંસ્થા માટે આવો જ એક અદ્દભૂત ઈન્ટરવેસન(હસ્તક્ષેપ) "કી ટુ હેપ્પીનેશ" સાથે 'એનિમલ થેરાપી'નો હતો. આ મહિને "કી ટુ હેપ્પીનેશ"ની ટીમે શહેરની એક પ્રખ્યાત હોટેલમાં આપણા બાળકો માટે  એનિમલ થેરાપીનો સેશન રાખ્યો હતો. ત્યાં બાળકોની તેમના જ ડોગ સાથે થેરાપી કરાવી હતી. બાળકો માટે તે દિવસ એક આઉટિંગ જેવો અનુભવ રહ્યો હતો અને બાળકોએ ત્યાં ખૂબ આનંદ માણ્યો હતો.

**સહાયક સેવાઓ:-** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને જીવનમાં સામાન્યતાની કેટલીક જરિયાતો પૂરી પાડવા માટે સહાયક સેવાઓની સુવિધા ખૂબ જરૂરી હોય છે. આ મહિને સંસ્થાની ટીમ દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને સહાયક સેવાની સુવિધા પૂરી પાડવામાં આવી છે: મેડિકલ સર્ટી-5, U.D.I.D કાર્ડ-15, એસ.ટી પાસ-29, પેન્શન યોજના-56, Aids and Appliances-21

**વ્યવસાયિક સહાય વિતરણ:-** કોરોના મહામારીથી દરેકને આર્થિક રીતે ફટકો પડ્યો છે. ખાસકરીનેશહેરીઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબવર્ગ માટે અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા લોકો માટે તો ખૂબ જ મુશ્કેલીભર્યું હતું. સંસ્થાના શુભેચ્છકો અને ડોનરની સહાયતાથી ગયા મહિનાથી સંસ્થાએ જરૂરિયાતમંદોને વ્યવસાયિક સહાય આપી છે. સંસ્થા આ જાહેરાત કરતા ખુશી અનુભવે છે કે અમે 31 લાભાર્થીઓને વ્યવસાયિક સહાય પૂરી પાડવામાં સક્ષમ રહ્યા છીએ. તેઓને વિવિધ પ્રકારની લારીઓ, ફેરી, સીવણનો સંચો વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**સારાં સ્વાસ્થ્ય તરફ જાગૃતતા:-** સંસ્થાની અપડેટથી લોકો જાણે છે કે સંસ્થાએ મહિલાઓ અનેયુવતીઓ પરવધુધ્યાન કેન્દ્રિત કરીને કોમ્યુનિટીમાં વર્કશોપ અને આરોગ્યની જાગૃતતા માટેની શિબિરો યોજવા માટે 'ઓ વુમનીયા' સાથે ભાગીદારી કરી છે. મહિલાઓ અને યુવતીઓમાં માસિક સ્વચ્છતા અને સબંધિત વિષયો પર જાગૃતિ ફેલાવવા માટે સંસ્થા પ્રયતનશીલ રહી છે. મહિલાઓ અને યુવતીઓ માટે પર્યાવરણને અનુકૂળ સેનેટરી પેડ બનાવતી એક કંપનીએ કોમ્યુનિટીમાં મફત સેનેટરી પેડના નમૂનાઓના વિતરણ માટે સંસ્થા સાથે ભાગીદારી કરી છે.

**અર્લી આઈડેન્ટિફિકેશનનું મહત્ત્વ:-** અર્લી આઈડેન્ટિફિકેશનનું મહત્ત્વ:- સંસ્થાએ હંમેશાથી દિવ્યાંગતાની પહેલી ઓળખ અને ત્યારથી તેનું રિહાબિલીટેશનનું શિક્ષણ પૂરું પાડવાના મહત્ત્વ પર ભાર મુકયો છે. તેનાથી બાળકનાસર્વાંગી વિકાસની હકારાત્મક અસર જોવા મળી છે. આ તરફના માર્ગે સંસ્થા નિયમિતપણે આંગણવાડી બહેનોને વિવિધ પ્રકારની દિવ્યાંગતા અને તેની ઓળખ અંગે તાલીમ આપવા માટે સહયોગ આપે છે, તેના માટે આ મહિને સંસ્થાએ શાહવાડી વિસ્તારમાં 5 આંગણવાડી સાથે ભાગીદારી કરી છે.




## શ્રદ્ધાંજલિ

સંસ્થાના ઓટો ડ્રાઈવર મુખત્યારભાઈનું તા.22/08/2021ના રોજ લાંબી બિમારીના અંતે દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વર તેમની આત્માને શાંતિ આપે તેવી સંસ્થા તરફથી ઈશ્વરને પ્રાર્થના!

## ફોટો ગેલેરી



રક્ષાબંધનની ઉજવણી



એનીમલ થેરાપી



ફિઝિયોથેરાપી




સાધન-સહાય વિતરણ



સેનેટરી-પેડ વિતરણ



શાહવાડી ડહેલુંમાં એક્ટીવિટીનો આનંદ માણતા બાળકો



આધારકાર્ડ માટેની પ્રોસેસ

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT
EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org